# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 19-04-2025** **Evening : 7.10 to 7.20 pm**
**Day : Saturday** **Regional News**

આકાશવાણી અમદાવાદ- વડોદરા પ્રાદેશિક સમાચાર **મિત્તલ પટેલ** વાંચે છે.

---

1) **ચોમાસામાં ઘેડ વિસ્તારમાં ભરાતા પાણીના કાયમી નિકાલ માટે એક હજાર 534 કરોડ રૂપિયાની સૈદ્ધાંતિક મંજૂરી**
2) **ઈલેક્ટ્રિક વાહનો પર ઉચ્ચક વાહન વેરાનો દર 6 ટકાથી ઘટાડીને માત્ર એક ટકા કરાયો**
3) **અમદાવાદ મહાનગરપાલિકા હસ્તકની એક હજાર 800 ઈમારતો પર વરસાદી પાણીના સંગ્રહની વ્યવસ્થા કરાશે**
4) **રાજ્યમાં આગામી બે દિવસ દરમિયાન મહતમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રીનો ઘટાડો થવાની આગાહી**
5) **અમદાવાદમાં રમાઈ રહેલી IPLની મેચમાં દિલ્હી કેપિટલ્સે ગુજરાત ટાઇટન્સને જીતવા 204 રનનો લક્ષ્યાંક આપ્યો**

---

સમાચારને અંતે

હવે પછી આપ રાત્રિના 7 વાગીને 50 મિનિટે રાષ્ટ્રીય સમાચાર સાંભળી શકશો.

(આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# GHED WATER

ચોમાસામાં ઘેડ વિસ્તારમાં ભરાતા પાણીના કાયમી નિકાલ માટે રાજ્ય સરકારે એક હજાર 534 કરોડ રૂપિયાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે. આ કામગીરી માટે પ્રથમ તબક્કામાં 139 કરોડ રૂપિયાના ટેન્ડર મંજૂર કરાયા છે. સાંભળીએ એક અહેવાલ..

(વોઇસ કાસ્ટ : મયુર સોલંકી )

જળસંપત્તિ વિભાગ દ્વારા સોરઠી અને બરડા ઘેડ વિસ્તારમાં ત્રણ તબક્કાઓમાં કુલ 11 પ્રકારની કામગીરીઓ હાથ ધરવાનું આયોજન કરાયું છે. પ્રથમ તબક્કામાં વિવિધ નદીઓ, કેનાલોની વહનક્ષમતા વધારવા માટે વિવિધ અવરોધોને દુર કરવા તથા સાફ-સફાઇના કામો, તળાવોને ઉંડા કરાશે. જ્યારે બીજા તબક્કાના કામોમાં મુખ્ય નદીઓ અને વોંકળાઓ પર કાંઠા સંરક્ષણના કામો, હયાત સ્ટ્રક્ચરોના નવીનીકરણના કામો, મુખ્ય નદીઓના ડાયવર્ઝનના કામોનો સમાવેશ કરાયો છે. બીજા તબક્કાના કામો આગામી બે વર્ષમાં પૂર્ણ કરવાનું આયોજન કરાયું છે.

મયુર સોલંકી આકાશવાણી સમાચાર અમદાવાદ

# ELECTRIC VEHICLE TAX RATE

ટકાઉ પરિવહનને પ્રોત્સાહન આપવા, રાજ્ય સરકારે ઇલેક્ટ્રીક વાહનો પરના ઉચ્ચક વાહન વેરાનો દર 6 ટકાથી ઘટાડીને માત્ર એક ટકા કરવાની જાહેરાત કરી છે. નવો વાહન વેરા દર આગામી 31 માર્ચ, 2026 સુધી અમલમાં રહેશે. જે દરમિયાન, સંપૂર્ણપણે ઇલેક્ટ્રિક વાહનો પર નાગરિકોને 5% ટેક્સ છૂટ આપવામાં આવશે.

આ સુધારા સાથે મેક્સી કેટેગરીમાં પ્રવાસી વાહનની ક્ષમતા મુજબ હાલમાં અમલી 8 ટકા તથા 12 ટકાના દરને પણ ઘટાડીને 6 ટકા કરવામાં આવ્યો છે. નાગરિકો હવે વાહન 4.0 પોર્ટલ દ્વારા તેમના ઇલેક્ટ્રિક વાહનોની ઓનલાઈન નોંધણી કરાવી શકે છે અને તેનો સીધો લાભ મેળવી શકે છે. આ દર ઘટતા ઇલેક્ટ્રિક બેટરીથી સંચાલિત વાહનોનો વ્યાપ વધશે અને પર્યાવરણના સંરક્ષણની સાથે શાશ્વત વિકાસને પણ પ્રોત્સાહન મળશે.

# MANDVIYA RAJKOT

કેન્દ્રીય શ્રમ અને રોજગાર મંત્રી ડૉ. મનસુખ માંડવીયાએ રાજકોટના ધોરાજી ખાતે 63 લાખ રૂપિયાના 23 વિકાસ કામોના ઈ-ખાતમુહૂર્ત તથા 62 લાખ રૂપિયાના 23 કામોનું ઈ-લોકાર્પણ કર્યું. દરમિયાન મોટી મારડ ગામમાં સેવા સેતુ કાર્યક્રમમાં કરેલા સંબોધનમા તેમણે જણાવ્યું કે, સેવા સેતુની સાથે યોજાતા આરોગ્ય ચેકઅપ કેમ્પથી અનેક લોકોનું જીવન બચ્યું છે.

(બાઇટ: મનસુખ માંડવિયા – કેન્દ્રીય મંત્રી)

આ ઉપરાંત "કેચ ધ રેઇન" અભિયાન હેઠળ પી.જી.વી.સી.એલ.ના ભંડોળમાંથી બનાવાયેલો બોર તેમજ ઘનિષ્ઠ પશુ સુધારણા યોજના ઘટક રાજકોટના નવનિર્મિત ઉપકેન્દ્રનું પણ શ્રી માંડવિયાએ લોકાર્પણ કર્યું હતું.

# CM-HCG CANCER CARE

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે કહ્યું કે, રાજ્યના પ્રત્યેક નાગરિકને આરોગ્ય અંગેની સેવાઓ આપવા રાજ્ય સરકાર હંમેશાં તત્પર છે. અમદાવાદમાં 'HCG આસ્થા' કેન્સર હોસ્પિટલના નવનિર્મિત કેન્સર સેન્ટરનું ઉદ્ઘાટન કરતાં શ્રી પટેલે  શરીરની સ્વસ્થતા જાળવવા સૌ કોઈએ રોજિંદા વ્યવહારમાં પોતાની જીવનશૈલીનું ધ્યાન રાખવા અનુરોધ કર્યો હતો.

આ  નવા યુનિટથી ૩૦ થી ૪૦ ટકા જેટલી સંખ્યામાં વધારે દર્દીઓને સારવાર મળી શકશે. જેનાથી વાર્ષિક ૫૫ હજારથી વધુ બહારના અને ૭ હજારજેટલા સ્થાનિક દર્દીઓને સારવાર આપી શકાશે.

# AHMEDABAD RAIN WATER

'કેચ ધ રેઇન' અભિયાન અંતર્ગત અમદાવાદ મહાનગરપાલિકા હસ્તકની આશરે 1800 ઈમારતો પર રૂફ-ટોપ રેઇન-વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઇન્સ્ટોલ કરાશે. સત્તાવાર યાદીના જણાવ્યા મુજબ પ્રથમ તબક્કામાં 400 બિલ્ડિંગ પરિસરમાં અંદાજે 5 કરોડ 50 લાખ રૂપિયાના ખર્ચે રૂફ-ટોપ રેઈન-વોટર હાર્વેસ્ટિંગ સિસ્ટમ ઇન્સ્ટોલેશનની કામગીરી શરૂ કરાઇ છે, જે આગામી ચોમાસા પહેલાં પૂર્ણ કરવામાં આવશે. આ પહેલ અંતર્ગત વિવિધ ઝોનલ ઓફિસો, વોર્ડ-ઓફિસો, હોસ્પિટલ, શાળાઓ, શહેરી આરોગ્ય કેન્દ્રો, વગેરે પરિસરમાં વરસાદી પાણીનો સંગ્રહ કરવા આગામી દોઢ વર્ષના સમયગાળામાં આ સિસ્ટમ મૂકવામાં આવશે. આ કામગીરી  થકી મહાનગરપાલિકા દ્વારા દૈનિક ધોરણે અપાતાં પાણી પુરવઠામાં નર્મદાનું પાણી બચાવી શકાશે તેમજ જમીનના જળ સ્તર ઊંચા લાવી બોરના પાણીની ગુણવત્તા સુધારી શકાશે.

# KANU DESAI VALSAD

રાજ્યના નાણાં મંત્રી કનુભાઈ દેસાઇએ કહ્યું છે કે, આગામી ડિસેમ્બર-2025 સુધીમાં વલસાડના વાપી તાલુકાને 125 પથારીવાળી સબ ડિસ્ટ્રીકટ હોસ્પિટલની સુવિધા મળશે. વાપીમાં એક કરોડથી વધુના ખર્ચે નિર્માણ પામેલા શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર નવનિર્મિત મકાનનું લોકાર્પણ કરતા શ્રી દેસાઇએ આમ જણાવ્યું હતું. આ શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં ઇન્ડોર દર્દીઓ માટે લેબોરેટરી, ફાર્માસી રૂમ, મેડીકલ ઓફિસર રૂમ, આયુષ ડોકટર રૂમ,દર્દીઓ માટે વેઇટીંગ રૂમ અને પાણીના કુલરની સુવિધા મળશે.

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે અમારી વેબસાઇટ newsonair.gov.in/સ્લેશ/ગુજરાતી અને અમારા એક્સ હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલો કરશો.

(ગોન્ગ મ્યુઝિક)

# bhuj court --pradip sharma

ભુજ અદાલતે તત્કાલીન કચ્છ કલેક્ટર પ્રદીપ શર્મા સહિત ચાર અધિકારીઓને પાંચ વર્ષની કેદ અને 10,હજાર  રૂપિયા દંડની સજા ફટકારી હતી. ખાનગી કંપનીને  સમાઘોઘામાં  સરકારી જમીનની ફાળવણીમાં નિયમોનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતું. સરકારના પરિપત્ર મુજબ કલેકટરને માત્ર 2 હેક્ટર સુધીની જમીન ફાળવવાની સત્તા હતી. આ મર્યાદા હોવા છતાં પ્રદીપ શર્માએ 47,હજાર 173 ચોરસ મીટર જમીન મંજૂર કરી હતી.

અદાલતે કહ્યું કે, શર્માની સજા 20 જાન્યુઆરીએ અમદાવાદ સેશન્સ કોર્ટ દ્વારા 2004ના બીજા ભ્રષ્ટાચાર કેસમાં ફટકારવામાં આવેલી પાંચ વર્ષની સજા પૂર્ણ થયા પછી શરૂ થશે. શર્માની 4 માર્ચ, 2011 ના રોજ ધરપકડ કરવામાં આવી હતી.

# MEHSANA - FIRE NOC

મહેસાણા જિલ્લામાં ફાયર એનઓસી ન ધરાવતી માધ્યમિક શાળાઓને જિલ્લા શિક્ષણાધિકારી દ્વારા નોટિસ આપવામાં આવી છે.

આ અંગે મહેસાણા જિલ્લા શિક્ષણાધિકારી બી.એન.પટેલે જણાવ્યું કે, જિલ્લામાં સરકારી માધ્યમિક શાળાઓની સંખ્યા 22 છે, જે પૈકી માત્ર એક શાળા પાસે ફાયર એન ઓ સી છે. જ્યારે 251 અનુદાનિત માધ્યમિક શાળાઓ પૈકી 165 પાસે તેમજ બિનઅનુદાનિત 107 શાળાઓ પૈકી 36 શાળાઓ પાસે ફાયર NOC નથી.

(BYTE : બી એન પટેલ : જિલ્લા શિક્ષણાધિકારી મહેસાણા)

# SOMNATH SANSAKRIT UNI.

ગીર સોમનાથ જિલ્લાના વેરાવળમાં આવેલી શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટી ખાતે આજે શિક્ષણ મંત્રી ઋષિકેશ પટેલે સોમેશ્વર કુમાર છાત્રાવાસ તથા નટેશ્વર રંગમંચનો શિલાન્યાસ કર્યો હતો. સંસ્કૃતિ અને સંસ્કારનો સમન્વય સંસ્કૃત ભાષામાં જોવા મળે તેમ જણાવતા શ્રી પટેલે સંસ્કૃત ભાષાને લોકભોગ્ય તેમજ માહિતી આધારિત નહીં, પરંતુ જ્ઞાનસભર અને સમાજ ઉપયોગી બનાવવાની જરૂરિયાત પર ભાર મૂક્યો હતો. શ્રી પટેલે આ પ્રસંગે, યુનિવર્સિટી દ્વારા પ્રકાશિત બે પુસ્તકો 'સંસ્કૃતેવૃત્યવસરા:' અને 'શ્રી સોમનાથ સંસ્કૃત યુનિવર્સિટીના વાર્ષિક અહેવાલ'નું પણ વિમોચન કર્યું હતું.

# CR PATIL – TAPI

કેન્દ્રીય મંત્રી અને ભાજપના પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે તાપી જિલ્લાના મધ્યસ્થ કાર્યાલય "તાપી કમલમ" નું ખાતમુહુર્ત કર્યું. આ પ્રસંગે શ્રી પાટીલે જણાવ્યું કે, કાર્યકર્તા તરીકે મળેલી જવાબદારી પક્ષ માટે છે કોઇ એક વ્યક્તિ માટે નથી. તેમણે કાર્યકર્તાઓ તેમના બુથમાં તેમની યોગ્યતા સાબિત કરી બુથ મજબૂત કરવા હાંકલ કરી હતી.

# PRAFUL PANSHERIYA BHUJ

કચ્છના જિલ્લાના પ્રભારી મંત્રી પ્રફુલ પાનશેરિયાએ ભુજ તાલુકાના મિરઝાપર ખાતે 14મા હાઈટેક કૃષિ-ડેરી પ્રદર્શનનો પ્રારંભ કર્યો. આ પ્રસંગે શ્રી પાનશેરિયાએ જણાવ્યું, કે આજના આધુનિક યુગમાં ખેડૂતોએ ગ્રામ્ય સંસ્કૃતિને ટકાવી રાખી છે. કચ્છના ખેત ઉત્પાદનોની માંગ આજે દેશ અને દુનિયામાં છે તેમ કહી તેમણે ખેતી ક્ષેત્રે વિકાસના હાંસલ માટે ખેડૂતોને એકબીજાના સહકારથી આગળ વધવા અપીલ કરી હતી..

# SABARKANTHA - TRAIN

સાબરકાંઠાના હિંમતનગર રેલવે સ્ટેશન ખાતેથી આજે અસારવા-ચિત્તોડગઢ ડેમુ ટ્રેનને મેમુ ટ્રેનમાં પરિવર્તિત કરી પ્રસ્થાન કરવામાં આવી છે. રાજ્યસભા સાંસદ રમીલાબેન બારાએ આ મેમુ ટ્રેનને લીલી ઝંડી બતાવી હતી. સુ શ્રી. બારાએ આ પ્રસંગે હિંમતનગરથી મુંબઈ સહિત અન્ય રાજ્યો અને દેશભરમાં રેલવે કનેક્ટીવીટી મળે તેવી આશા વ્યક્ત કરી હતી.

(બાઈટ- રમિલાબેન બારા, રાજ્ય સભા સાંસદ)

# VALSAD –LEOPARD CUB DEATH

વલસાડના ધનોરી ગામે શેરડીના ખેતરમાં આગ લાગતા દીપડાના એક બચ્ચાનુ મોત નીપજ્યું  હતું.

વલસાડથી અમારાં પ્રતિનિધિ નવીન પટેલ જણાવે છે કે, ધનોરી ગામના  પટેલ ફળિયામાં શેરડીના પાકનું કટીંગ કરવા માટે શેરડી સળગાવવામાં આવી હતી. આ દરમિયાન ખેતરમાંથી દીપડીના ત્રણ બચ્ચા મળી આવ્યા હતા. આગમાં એક બચ્ચાનું મોત નીપજ્યું હતું, જ્યારે બે બચ્ચા જીવતા મળી આવ્યા હતા. આ ઘટનાની જાણ થતાં વન વિભાગની ટીમે ઘટનાસ્થળે પહોંચી બે જીવતા બચ્ચાનો કબજો લીધો છે.

# Weather

રાજ્યમાં આગામી બે દિવસ મહતમ તાપમાનમાં 2 થી 3 ડિગ્રી સેલ્સિયસનો ઘટાડો થવાની શક્યતા છે. રાજ્યમાં ક્યાંય પણ હિટવેવની આગાહી નથી. હવામાન વિભાગના વૈજ્ઞાનિક પ્રદીપ શર્માએ જણાવ્યું છે કે, આવતીકાલે સૌરાષ્ટ, કચ્છ, દીવ, દમણ અને દાદરા નગર હવેલીમાં 20 થી 30 કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે પવન સાથે ધૂળની ડમરીઓ ઉડવાની શકયતા છે.

દરમિયાન, રાજ્યમાં છેલ્લા 24 કલાક દરમિયાન કંડલા એરપોર્ટ ખાતે મહતમ તાપમાન 44 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું, જ્યારે રાજકોટ, અમદાવાદ અને સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાન 43 ડિગ્રી સેલ્સિયસ નોંધાયું હતું.

# CRICKET-IPL

**IPL ક્રિકેટમાં, આજે અમદાવાદમાં ગુજરાત ટાઇટન્સ અને દિલ્હી કેપિટલ્સ વચ્ચે મેચ રમાઈ રહી છે. દિલ્હી કેપિટલ્સે પ્રથમ બેટિંગ કરતાં ગુજરાત ટાઈટન્સને જીતવા માટે 204 રનનો લક્ષ્યાંક આપ્યો છે. ગુજરાત તરફથી મોહમદ સિરાજે ત્રણ વિકેટ ઝડપી હતી. છેલ્લા અહેવાલ પ્રમાણે 204 રનના લક્ષ્યાંકનો પીછો કરતા ગુજરાત ટાઈટન્સના 15 ઓવરમાં 2 વિકેટે 158 રન થયા છે.**

**જ્યારે અન્ય એક મેચમાં જયપુરમાં સાંજે સાડા સાત વાગે રાજસ્થાન રોયલ્સ અને લખનઉ સુપર જાયન્ટ્સ વચ્ચે મેચ રમાશે.**